| | | |
|---|---|---|
|  | **ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ**<br>ગુજરાત સરકારનું સાહસ<br>પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી<br>પ્લોટ નં.એચ-૩, જીઆઇડીસી એસ્ટેટ, એફ.સી.આઇ. ગોડાઉન પાસે,<br>મોઢેરા રોડ, મહેસાણા-૩૮૪૦૦૨<br>ફોન : (૦૨૭૬૨) ૨૫૨૭૨૮.<br>Email: rmmsn@gidcgujarat.org |  |

**<u>નિગમની મહેસાણા રીજીયનની વસાહતોમાં ઉપલબ્ધ મિલ્કતોની જાહેર હરાજી</u>**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની મહેસાણા રીજીયનમાં આવેલ ચંડીસર, રણાસણ, સિધ્ધપુર, મહેસાણા-૨ અને કડી ઔદ્યોગિક વસાહતોમાં નીચે મુજબના ઉપલબ્ધ વાણિજ્ય/ઔદ્યોગિક પ્લોટ અને શેડ, "જેમ છે તેમ, અને જે સ્થિતિમાં તે સ્થિતિમાં" જાહેર હરાજીથી ફાળવવાના હોઇ, સીલ બંધ કવરમાં અરજી પત્રકો/ભાવ પત્રક મંગાવવામાં આવે છે. આ માટેના કોરા અરજીપત્રક રુા. ૫૦ + ૧૮ % GST રોકડા ભર્યેથી પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, પ્લોટ નં.એચ-૩, એફ.સી.આઈ ગોડાઉન પાસે મોઢેરા રોડ મહેસાણા ખાતેથી **તા.૩૦/૦૮/૨૦૧૯ થી તા.૧૩/૦૯/૨૦૧૯ સુધીમાં રજાના દિવસ સિવાય બપોરના ૧૧.૦૦ થી સાંજના ૦૫.૦૦ (રિશેષ સિવાય) સમય દરમ્યાન મળી રહેશે.** ભરેલા અરજી પત્રકો/ભાવ પત્રકો લાખથી સીલબંધ કવરમાં જરૂરી દસ્તાવેજો સાથે "આર.પી.એ.ડી." ધ્વારા જ મોડામાં મોડા **તા.૩૦/૦૯/૨૦૧૯ ના રોજ સાંજે ૦૫.૦૦ કલાક સુધી પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી મહેસાણાને મળે તે રીતે મોકલવાના રહેશે.** અરજીપત્રકના કવર ઉપર સ્વચ્છ અને સ્પષ્ટ રીતે જે તે મિલ્કતના નંબર, પ્રકાર અને વસાહતનું નામનો નિર્દેશ કરવાનો રહેશે. **અરજદારે ટેન્ડરમાં ભરેલ જે તે કિંમતના ૨૫ % પ્રમાણે ઈ.એમ.ડી. અને સ્કુટીની ફી વાણિજ્ય મિલ્કત પેટે રૂ .૧૧૮૦ /-નો ડી.ડી. તથા ઔદ્યોગિક શેડ મિલ્કત પેટે રૂ.૨,૩૬૦/- નો ડી.ડી (જે પરત મળવાપાત્ર નથી)** "જી.આઈ.ડી.સી. મહેસાણા" ના નામના અલગ-અલગ એકાઉન્ટપેઈથી જ ભરવાના રહેશે. ભાવપત્રક/અરજીપત્રક સાથે ઈ.એમ.ડી.ની રકમનો ડી.ડી. તથા સ્કુટીની ફી નો ડીડી સામેલ ન રાખનારનું ટેન્ડર રદબાતલ ગણાશે. એક અરજીપત્રક ધ્વારા એક જ મિલ્કત માટે અરજી કરી શકાશે. ૨૫ % બાનાની રકમ ટેન્ડરમાં ભરેલ રકમ પ્રમાણે ભરેલ ન હશે તો તેવા ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. ટેન્ડર ઓપન થયેથી જે તે મિલ્કતની સૌથી વધારે કિંમત દર્શાવવામાં આવેલ હશે તે કિંમતને ન્યુનતમ/તળીયાની કિંમત ગણતરીમાં લઈ અરજદારો દ્વારા માંહોમાંહેની બોલી બોલાવી જે સૌથી વધારે ભાવ બોલનારની આખરી બોલી ગણી નિગમની વડી કચેરીએથી જરૂરી મંજુરી મેળવ્યા બાદ મિલ્કતની ફાળવણી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉપલબ્ધ દર્શાવેલી મિલકતોની **જાહેર હરાજી તા. ૧૫/૧૦/૨૦૧૯ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે** નીચે જણાવેલ સરનામે રાખવામાં આવશે. વધુમાં જે તે વર્ગના આરક્ષિત કેટેગરી મુજબ પ્લોટ મેળવવાની અરજી કરવાની રહેશે, ઓ.ટી.પી કેટેગરી હેઠળ નિયમીત વસાહતમાં લગત પ્લોટ ધારક, જમીન ગુમાવનાર જમીન માલિક, અનુસુચીત જાતિ, અનુસુચીત જનજાતિ, શારીરીક અને શૈક્ષણિક રીતે પછાત ઉમેદવાર, માજી લશ્કરના સૈનિક અને દિવ્યાંગ વ્યક્તિઓ અરજી કરી શકશે, જે અંગેનું સરકાર માન્ય પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. હરાજીના દિવસે અરજદારોએ જ અચૂક હાજર રહેવાનું રહેશે, પછીથી કોઈ વાદવિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

**મળેલ ભાવપત્રક ખોલીને જાહેર હરાજીનું સ્થળ : <u>કોમ્યુનિટી હોલ , જીઆઈડીસી , જીપીસીબી ઓફીસની બાજુમાં મહેસાણા-૧ ઔ. વસાહત</u>**

ઉપર જણાવેલ મિલકતોની વિગતો શરતો અને અન્ય માહિતી કચેરીના નોટીસ બોર્ડ તથા નિગમની વેબસાઈટ (**www.gidc.gov.in**) પર મુકવામાં આવેલી છે. અનિવાર્ય સંજોગોમાં આમા ફેરફાર કરી શકાશે. ભરેલાં મળેલાં અરજીપત્રકો પૈકી કોઇ પણ એક કે તમામ અરજીપત્રકો સ્વીકારવા કે કેમ? તે અંગેનો નિગમનો અધિકાર આબાધિત રહેશે.

| ક્રમ નં. | વસાહતનું નામ | મિલ્કતનો પ્રકાર | પ્લોટ નં. | વિસ્તાર (ચો.મી) | પ્લોટની રીઝર્વ કિંમત(રૂા.) | બાનાની રકમ (રૂા) (૨૫%) તળીયાની કિંમત પ્રમાણે | આરક્ષણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચંડીસર | વાણિજ્ય પ્લોટ | ૧૮૨/૨ | ૩૦૨.૫૦ | ૧૨,૭૦,૫૦૦/- | ૩,૧૭,૬૨૫ /- | O.T.P |
| ૨ | રણાસણ | વાણિજ્ય પ્લોટ | ૫૬/૧ | ૫૫૦.૦૦ | ૨૪,૭૫,૦૦૦/- | ૬,૧૮,૭૫૦/- | O.T.P |
| ૩ | સિધ્ધપુર | વાણિજ્ય પ્લોટ | ૧૧/૧ | ૯૦૦.૦૦ | ૬૪,૮૦,૦૦૦/- | ૧૬,૨૦,૦૦૦/- | O.T.P |
| ૪ | સિધ્ધપુર | વાણિજ્ય પ્લોટ | ૧૧/૨ | ૧૫૦૦.૦૦ | ૧,૦૮,૦૦,૦૦૦/- | ૨૭,૦૦,૦૦૦/- | O.T.P |
| ૫ | મહેસાણા-૨ | વાણિજ્ય પ્લોટ | એચ-૩૧૭ થી ૩૨૨ | ૨૯૪૦.૦૦ | ૨,૬૪,૬૦,૦૦૦/- | ૬૬,૧૫,૦૦૦/- | O.T.P |
| ૬ | મહેસાણા-૨ | વાણિજ્ય પ્લોટ | ૩૧૨/૧ | ૩૯૨૦.૦૦ | ૩,૫૨,૮૦,૦૦૦/- | ૮૮,૨૦,૦૦૦/- | O.T.P |
| ૭ | કડી | ઔદ્યોગિક શેડ | કે-૧-૨૪/૪ | ૧૮૩.૯૬ | ૮,૫૬,૮૮૦/- (શેડની કિંમત સાથે) | ૨,૧૪,૨૨૦/- | - |

ટેલીફોન નં. (ઓ) ૦૨૭૬૨-૨૫૨૭૨૮

**સહી**
**પ્રાદેશિક મેનેજર**
**જીઆઈડીસી, મહેસાણા**